

સતસંગ - ગાંધીનગરમાં આત્મજ્ઞાની પૂજ્ય દિપકભાઈના સાનિધ્યમાં ત્રિદીવસીય સત્સંગનો આરંભ થયો હતો. દાદા ભગવાનના અનુયાયી દિપકભાઈ જીવનની નાની-નાની વાતોને જ્ઞાન અને કર્મ સાથે જોડીને સરસ રીતે વ્યાખ્યાન આપે છે... નગરના અગ્રણીઓ સહિત ભાવિકો મોટી સંખ્યામાં સત્સંગનો લાભ લેવા ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : દિપક જાની)

# લાખોના ખર્ચે તૈયાર કરાયેલા બોર્ડસ માટે વૃક્ષોની ડાળીઓ આડશરૂપ

## વન વિભાગ દ્વારા સાઈનબોર્ડ અને લાઈટીંગ પોલ્સને આડશ બનતી ડાળીઓ દૂર કરાતી નથી

ગાંધીનગર, તા.૩

શહેરના વિવિધ માર્ગો પર લાખોના ખર્ચે નવા માહીતીદર્શક બોર્ડસ ઉભા કરાયા છે પરંતુ મોટા ભાગના સાઈન બોર્ડ માટે વૃક્ષોની ડાળીઓ આડશરૂપ બનતા બોર્ડ લગાવવાની યોજનાનો કોઈ હેતુ સરતો નથી. વનવિભાગ દ્વારા સાઈનબોર્ડ અને સ્ટ્રીટલાઈટના આડેથી વૃક્ષોની ડાળીઓ દૂર કરવાની અનિવાર્યતા છે.

આગામી વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ સમગ્ર શહેરને નવા રૂપરંગ આપવામાં આવ્યા છે. જયારે શહેરના વિવિધ રસ્તાઓ અને સરકારી કચેરીઓ સહીતના જાહેરસ્થળો અંગેની માહિતી દર્શાવતા નવા બોર્ડસ પણ ઠેરઠેર લગાવી દેવાયા છે. નાના મોટા ૧૨૫ જેટલા બોર્ડસ શહેરના વિવિધ માર્ગો પર જરુરી ઠ ે ક ા ણ ે લગાવવામાં આવ્યા છે. નવીન બોર્ડસ ઉભા કરવા



પાછળ લાખોનો ખર્ચ કરવામાં આવ્યો છે. સમગ્ર ગુજરાતમાં પ્રથમવાર આ મુજબની ડીઝાઈન તેમજ આકર્ષક રીફલેશન ધરાવતા બોર્ડસ પાટનગરમાં લગાવવામાં આવ્યા છે. આગામી વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ બોર્ડસ લગાવવાનું કામ પણ ઝડપથી પૂર્ણ કરી દેવાયું છે પરંતુ શહેરના વિવિધ માર્ગો પર ઉભા કરાયેલા આ બોર્ડસ આડે વૃક્ષોની ડાળીઓ અવરોધરૂપ બનતા મુલાકાતીઓને બોર્ડ પરનું લખાણ યોગ્ય રીતે વંચાતું નથી. વન વિભાગ દ્વારા વાઈબ્રન્ટ ટાણે પણ વૃક્ષોની ડાળીઓનું ટ્રીમીંગ ન થતા તંત્રની કામગીરીનો કોઈ હેતુ સરતો નથી.


## બેસણું



પટેલ રામાભાઈ શીવરામભાઈ
સ્વ. તા. ૧/૧/૨૦૧૫, ગુરૂવાર

અમારા પિતાશ્રી **પટેલ રામાભાઈ શીવરામભાઈ** તા. ૧/૧/૨૦૧૫ના રોજ દેવલોક પામ્યા છે. 'પ્રભુને ગમ્યું તે ખરું' સદ્દગતનું બેસણું તા. ૫/૧/૨૦૧૫ને **સોમવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦** દરમિયાન નીચેના સરનામે રાખેલ છે.

સ્થળ : પેથાપુર, રામદેવપીર મંદિર, પેથાપુર, ચાર રસ્તાથી બસ સ્ટેન્ડ જવાના રસ્તા ઉપર

પટેલ કાન્તાબેન રામભાઈ (પત્ની)
પટેલ કમલેશભાઈ રામાભાઈ (પુત્ર)
પટેલ ઈશ્વરભાઈ કાકુદાસ (ભાઈ)
પટેલ મનુભાઈ પ્રહલાદભાઈ (ભત્રીજા)
પટેલ સંજયભાઈ મનુભાઈ (પૌત્ર) (ટીનાભાઈ)
પટેલ ભરતભાઈ પ્રહલાદભાઈ (ભત્રીજા)

ફોન : ૯૪૨૬૫૫૭૦૧૩, ૯૬૦૧૨ ૮૫૧૧૮

**ફર્મ : શ્રી ઉમા કન્સ્ટ્રકશન, પેથાપુર**
**લક્ષ્મીનારાયણ ટ્રેડીંગ કંપની, પેથાપુર**


# વાઈબ્રન્ટના કાર્યક્રમો દરમિયાન પક્ષકારોને મુદત ન આપવા ઠરાવ

## ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ બાર એસોસિએશને રજૂઆત કરી

ગાંધીનગર, તા. ૩

વાઈબ્રન્ટ ગુજરાતના કાર્યક્રમો દરમિયાન પક્ષકારોને મુદત તારીખે કોર્ટમાં હાજર રહેવાનુ પરેશાનીરૂપ બને તેમ હોવાથી આ સમયગાળામાં કેસની મુદત તારીખે પક્ષકાર હાજર ન રહી શકે તો વોરંટની પ્રક્રીયા હાથ ન ધરવા તેમજ આવા કીસ્સામાં પાછળના દિવસોમાં મુદત આપવામાં આવે તે અંગે ડીસ્ટ્રીક્ટ બાર એસોસિએશન દ્વારા ઠરાવ કરી રજૂઆત કરવામાં આવી છે.

ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ બાર એસોસિએશનના પ્રમુખ સલીમ યુ. મોદનના જણાવ્યા મુજબ વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી મહાત્મા મંદિરમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ દરમિયાન દેશના પ્રધાનમંત્રી સહીત દેશ-વિદેશના મહાનુભાવો ઉપસ્થિત રહેવાના છે જેના પરિણામે ચાંપતા પોલીસ બંદોબસ્ત વચ્ચે સામાન્ય નાગરિકો માટે ઘણીવાર રસ્તા પણ બંધ કરી દેવામાં આવે છે. ડીસ્ટ્રીક્ટ કોર્ટ પણ 'ઘ' માર્ગ પર સ્થિત છે. આવા સંજોગોમાં પક્ષકારોને કોર્ટમાં મુદત તારીખે હાજરી આપવાનુ મુશ્કેલીરૂપ નિવડે તેમ છે. ઓળખના પુરાવા ન હોય તો પણ કોર્ટના રસ્તા પર પ્રવેશ મેળવવો મુશ્કેલ બને તેમ છે. આ દરમિયાન વાહનોની અવર-જવર માટે પણ ડાયવર્ઝન આપવામાં આવે છે. જેના લીધે પક્ષકારો મુદત તારીખે કોર્ટમાં હાજર રહી શકે તેવી પરિસ્થિતિ નથી. જેને ધ્યાને લઈ મુદત તારીખોમાં હાજર ન રહેનાર પક્ષકારો વિરૂદ્ધ વોરંટની પ્રક્રીયા હાથ ન ધરવા ઉપરાંત પાછળના દિવસોમાં મુદત આપવા ઠરાવમાં જણાવાયું છે.





## વાઈબ્રન્ટ ગુજરાત "ખાદી ઉત્સવ - ૨૦૧૫"

### "ખાદી - ફ્રોમ હટ્સ ટુ હાઈસ્ટ્રીટ ફેશન"

**ભવ્ય પ્રદર્શન સહ વેચાણ**

ખાદી-સુતી, ઉની, પોલીવસ્ત્ર, રેશમ, ગ્રામોદ્યોગ-હસ્તકલા, ચર્મોદ્યોગ, માટીકામ, ની વિવિધ ચીજ-વસ્તુઓની ખરીદીનો અદ્દભુત અવસર તથા વિશેષ વળતરનો લાભ

ગુજરાત સાથે કુલ ૧૬ રાજ્યોની ખાદી, ગ્રામોદ્યોગની સંસ્થાઓ, એકમોના કુલ ૩૫૦ સ્ટોલ્સ

સાંસ્કૃતિક કાર્યક્રમો સાંજે ૬.૩૦ વાગે (શનિ, રવિ તથા રજાના દિવસે)

**મુખ્ય આકર્ષણો**

- ફાર્મ ટુ ફેશનનું જીવંત નિદર્શન
- ગાંધી એન્ડ ખાદી ફિલ્મ ઓડિટોરીયમ
- નિફ્ટ દ્વારા ખાદી ફેશન ટ્રેન્ડ પેવેલીયન
- MGIRI પેવેલીયન
- ગાંધી એન્ડ ખાદી થીમ પેવેલીયન
- અટીરા દ્વારા આધુનિક ટેકનોલોજીનું નિદર્શન




- "ગાંધી ટુ મહાત્મા" થીમ પેવેલીયન
- જાણીતા ડિઝાઈનરો દ્વારા ખાદી વસ્ત્રોનું પ્રદર્શન
- પર્યાવરણીય સ્વચ્છતા સંસ્થાન દ્વારા નિદર્શન
- નવજીવન પ્રેસ અને શાશ્વત ગાંધીનો સ્ટોલ
- સ્ટેચ્યુ ઓફ યુનિટી તથા "Peace Park"
- ફુડકોર્ટ

ઓ. રવિ, IAS સભ્ય સચિવ
ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ
ગ્રામ નિર્માણ ભવન, જુનાવાડજ, અમદાવાદ - ૩૮૦૦૧૩

ખાદી અને વિલેજ ઈન્ડસ્ટ્રીઝ કમિશન
ભારત સરકાર

**તા. ૨૪.૧૨.૨૦૧૪ થી તા. ૧૩.૦૧.૨૦૧૫, સમય : બપોરે ૧ થી રાત્રીના ૧૦ સુધી**
**સ્થળ :- એ.ઈ.એસ. મેદાન, દૂરદર્શન કેન્દ્રની પાછળ, બોડકદેવ, અમદાવાદ.**

પાર્કીંગ અને પ્રવેશ વિના મલ્ય (શનિ.રવિ અને જાહેર રજાના દિવસે સમય:- સવારે ૧૧.૦૦ થી રાત્રીના ૧૦.૦૦ સુધી)



ખુશ ખબર... ખુશ ખબર... ખુશ ખબર...

**ધી જૂનાગઢ કોમર્શીયલ કો-ઓપરેટીવ બેંક લી. દ્વારા ગાંધીનગરની જનતાની સેવામાં સરકારશ્રી માન્ય LPG ગેસ કનેક્શન ઉપર આપવામાં આવતી સબસીડી માટે "0" બેલેન્સથી ખાતુ ખોલાવવા માટે સરળ અને ઝડપી સુવિધા ઉપલબ્ધ**

ધી જૂનાગઢ કોમર્શીયલ કો-ઓપરેટીવ બેંક લી. જૂનાગઢ દ્વારા ગાંધીનગરની શાખામાં જાહેર જનતાની સેવા અને સુવિધા માટે અમો બેંકને **NPCI**ની માન્યતા મળેલ હોય ભારત સરકાર દ્વારા ગેસ કનેક્શન ધારકોને ચુકવવાની થતી સબસીડીની રકમ તા. ૧-૧-૨૦૧૫થી તેઓના આધાર બેઈઝ તથા નોન-આધાર બેઈઝ બેંક ખાતામાં જમા આપવાની જાહેરાત કરવામાં આવેલ હોય આવી સુવિધાનો લાભ લેવા માટે અમો બેંકની ગાંધીનગર શાખા, બ્લોક નં. ૧૯/૧, 'ઘ' ટાઈપ, સેક્ટર નં. ૨૨, જૈન દેરાસર સામે, ગાંધીનગરનો સંપર્ક સાધવા વિનંતી.

**NPCI માન્ય આધાર રજીસ્ટ્રેશન નં. : 607714**
**IFSC CODE NO : HDFC0CJCBL**


# વાઈબ્રન્ટ સમિટ બાદ આગામી વર્ષના અંદાજપત્ર તૈયાર કરવા કવાયત આરંભાશે

ગાંધીનગર, તા.૩

નાણા વિભાગ દ્વારા વાઈબ્રન્ટ સમિટ બાદ આગામી વર્ષ ૨૦૧૪-૧૬ના અંદાજપત્રને તૈયાર કરવા માટેની પ્રક્રિયાઓ હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

નાણા વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી વર્ષ ૨૦૧૫-૧૬ની વાર્ષિક યોજનાના ઘડતર માટે વિભાગો સાથે બેઠકોનો દોર હાથ ધરીને વાર્ષિક યોજનાને આખરી કરી દેવામાં આવી છે.

રાજયની વાર્ષિક યોજના ના કદમાં અંદાજે પાંચ ટકાનો વધારો કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. આ ઉપરાંત આ વખતે રાજય સરકાર કેટલીક નવી યોજનાઓ પણ આ અંદાજપત્રમાં દાખલ કરનાર હોવાનું જાણવા મળે છે.

વાર્ષિક યોજનાનું ઘડતર કરીને નવી યોજનાને મંજુરી આપી દેવામાં આવ્યા બાદ હવે આગામી વર્ષ ૨૦૧૫-૧૬ના અંદાજપત્રને તૈયાર કરવાની પ્રક્રિયા નાણા વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે.સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વાઈબ્રન્ટ સમિટ કાર્યક્રમ બાદ રાજયની આવક અને જાવકના અંદાજો વિભાગો પાસેથી મેળવીને તેની સમીક્ષા કરવામાં આવશે અને આવકને ધ્યાનમાં રાખીને અંદાજપત્રમાં કયા સેકટરમાં કેટલી

● અનુસંધાન પાન-૭ પર


# જાહેર આભાર



**શ્રીમતી નેહાબેન હરેશભાઈ પટેલ**
પ્રમુખ - અરવલ્લી જિલ્લા પંચાયત



મા. શ્રી આનંદીબેન પટેલ
મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય



શ્રી ભરતસિંહજી રહેવર
પ્રમુખ
અરવલ્લી જિલ્લા ભાજપા

નવરચિત અરવલ્લી જિલ્લા પંચાયતના પ્રથમમહિલા પ્રમુખપદે ભારતીય જનતા પક્ષે મારામાં વિશ્વાસ મુકી જે જવાબદારી સોંપેલ છે તે બદલ હું જિલ્લા પ્રભારી હર્ષદગીરી ગોસ્વામી, જિલ્લા ભાજપા પ્રમુખ ભરતસિંહજી રહેવર સહિત તમામ સંગઠનના હોદ્દેદારો, જિલ્લા પંચાયતના સદસ્યશ્રીઓ અને પક્ષના તમામ કાર્યકરોને હાર્દિક આભાર પાઠવું છું.

રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલ મહિલા સશક્તિકરણ અભિયાનને આગળ ધપાવવાની ખાતરી સાથે જિલ્લાના સર્વાંગી વિકાસમાં મારો સહયોગ પુરો પાડી અરવલ્લી જિલ્લાને અવ્વલ બનાવવા હું પ્રયત્નશીલ રહીશ.... આભાર...

આભાર સહ
**શ્રીમતી નેહાબેન એચ. પટેલ**
પ્રમુખ - અરવલ્લી જિલ્લા પંચાયત
મુ. રડોદરા, તા. બાયડ, જિ. અરવલ્લી

સંકલન : સમીર બલોચ, જીતેન્દ્ર પટેલ, અરવલ્લી બ્યૂરો, ચીફ ઓફીસ, મોડાસા


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com